

# રાજ્યનું ખનીજ રાજ્યમાં જ પ્રોસેસ કરવા ભાર મુકાયો

હિમાંશુ દરજી
અમદાવાદ

રાજ્ય સરકારની નવી ખનીજ નીતિને ધ્યાનમાં રાખીને ગુજરાતના તમામ ખાણધારકો, કેપ્ટિવ યુઝર્સ, વેન્ડર્સ અને ટ્રેડરનું નવેસરથી રજિસ્ટ્રેશન કરવાની કામગીરી ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (જીએમડીસી) દ્વારા શરૂ કરવામાં આવી છે. તેનાથી ગુજરાતના ખનીજનો જથ્થો કાચા માલ સ્વરૂપે બહાર જતો ઘટશે અને રાજ્યમાં જ તેમાં વેલ્યૂ એડિશન (મૂલ્યવર્ધન) થશે. જીએમડીસી લગભગ ૪,૦૦૦ માઈન ધારકો, કેપ્ટિવ યુઝર્સ, વેન્ડર્સ કે ટ્રેડરનું નવેસરથી રજિસ્ટ્રેશન કરાશે. થોડા સમય અગાઉ ગુજરાત સરકારે જીએમડીસી માટે લિગ્નાઈટ, લાઈમસ્ટોન અને મેંગેનીઝનો જથ્થો અનામત રાખતી નીતિ ઘડી હતી.

અત્યાર સુધી રાજ્યમાં નાના-મોટા માઈનર્સ, વેન્ડર કે ટ્રેડર્સને લીઝ પર ખાણ અપાતી હતી. ત્યાર બાદ ખનીજનું ક્યાં વેચાણ થાય છે તેના પર નજર રાખી શકાતી ન હતી તેથી ગુજરાતનો જ કાચો માલ બહારથી પ્રોસેસ થઈને ઊંચી કિંમતે રાજ્યમાં પાછો આવતો હતો. આ અંગે રજૂઆતો થતાં હવે ખાણો પર નજર રાખવાની તથા ખનીજનો યોગ્ય ઉપયોગ થાય તે માટેની કામગીરી જીએમડીસીને સોંપવામાં આવી છે.

જીએમડીસીના મેનેજિંગ ડિરેક્ટર વી એસ ગઢવીએ ઈટીને જણાવ્યુ હતું કે, ‘‘નવી નીતિના કારણે હવે જીએમડીસી કેટલાક મિનરલ્સ વેલ્યૂ એડિશન કરવા માટે રાજ્યની જ પાર્ટીને સોંપી શકશે. તેનાથી ખનીજની કિંમત વધુ મળશે. કાચી સામગ્રીમાંથી ફિનિશ્ડ પ્રોડક્ટ પણ ગુજરાતમાં જ બનશે તો રાજ્યને ફાયદો થશે. અમે લીઝ હોલ્ડર, વેન્ડર્સ અને ટ્રેડર્સના નવેસરથી રજિસ્ટ્રેશનની કામગીરી શરૂ કરી છે. જે જિલ્લામાં ખાણ આવેલી છે ત્યાં જઈ કામગીરીની વિગત પૂરી પાડવામાં આવે છે જેથી ખાણધારક, કે ટ્રેડરે અમદાવાદ કે ગાંધીનગર આવવું ન પડે. આગામી દિવસોમાં અમે ખાસ ઝુંબેશ ઉપાડીશું.’’

ગઢવીએ જણાવ્યું હતું કે, ‘‘નવી નીતિથી લાંબા ગાળા માટે ખનીજનો અનામત જથ્થો મળતો રહેશે, જેમાં મહત્તમ મૂલ્યવર્ધન કરી શકાશે. ખનીજમાં વેલ્યૂએડિશન કરવાથી રાજ્યમાં નવા ઉદ્યોગો આવશે રોજગારીની નવી તક વધશે. ખાણના રજિસ્ટ્રેશનની કામગીરી ઇ-ગર્વનન્સ પ્રોજેક્ટમાં પણ મદદરૂપ બનશે.’’

ગુજરાતમાં અનામત ખનીજના જથ્થામાં લાઈમસ્ટોનનો જથ્થો ૧૧,૯૮૭ મિલિયન ટન છે. જયારે બોક્સાઈટનો અનામત જથ્થો ૧૩૬ મિલિયન ટન, લિગ્નાઈટ ૨,૧૩૬ મિલિયન ટન, ડોલોમાઈટ ૭૨૦ મિલિયન ટન અને ગ્રેનાઈટ ૨,૦૦૫ મિલિયન ટન છે. આ ઉપરાંત ચોક, ચાઈના ક્લે, ફાયર ક્લે, મેંગેનીઝ, ફલોરસ્પાર, માર્બલ, બેન્ટોનાઈટ તથા જિપ્સમ અને અન્ય મિનરલ પણ સારા એવા પ્રમાણમાં છે.